## તંત્રીશ્રીની કલમે

# હિઝબુલ્લાહે સેંકડો રોકેટ ઝીંકતા યુદ્ધના એંધાણ

આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના સતત રોકેટ અને ડ્રોન દ્વારા હુમલાના કારણે ઉત્તરી ઈઝરાયલના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. આ આગ ખૂબ જ ભયાનક છે. ઈઝરાયલ ફાયર ફાઈટર દળો આગ પર કાબુ મેળવવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી આગ પર કાબુ મેળવી શકાયુ નથી. પોલીસે કેટલાક રાજ્યોના રસ્તાઓ અને મુખ્યમાર્ગો બંધ કરી દીધા છે, જેથી કરીને લોકો આગવાળા વિસ્તારોમાં ન જાય.

ઈઝરાયલના કેટલાક નાગરિકો લેબનાનની સરહદ નજીક વસવાટ કરે છે, તેમના ઘરોની આસપાસના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. જો કે, અહીંના રહેવાસીઓને મહીના પહેલા સુરક્ષિત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા. કારણ કે, હિઝબુલ્લાહના આતંકવાદીઓ સતત ઈઝરાયલ પર હુમલાઓ કરી રહ્યા હતા. મહત્ત્વની વાત છે કે, ઈઝરાયેલ પણ તેની સામે જડબાતોડ જવાબ આપી રહ્યું છે. મળતા રિપોર્ટના કહેવા પ્રમાણે હિઝબુલ્લાહના સેંકડો રોકેટ અને ડ્રોનના હુમલાઓના કારણે જંગલોમાં લાગેલી આગ હાલમાં કેટલાક ઘરોમાં પ્રસરી ગઈ હતી. ઈઝરાયલ મિલિટ્રીએ આગ ઓલવવા માટે જરુરી યંત્ર અને સૈનિકોને મોકલી દીધા છે. પરંતુ આગ એટલી ઝડપી ફેલાઈ રહી છે કે, તેને ઓલવવી ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે. તેમજ સતત આગ ફેલાવાના કારણે હવામાન ખૂબ જ ગરમ થઈ ગયુ છે.

આગ ઓલવવાની કોશિશમાં હાલમાં છ જવાનો ઈજાગ્રસ્ત થયા છે. ઈઝરાયલી મિલિટ્રીએ આપેલા એક નિવેદનમાં કહ્યું કે, ઈઝરાયલી સેના આગવાળા વિસ્તારો પર કાબુ મેળવી લીધો છે. તેમજ હવે કોઈનો જીવ જોખમમાં નથી. ઈઝરાયલના વન વિભાગનું કહેવું છે કે, આગના કારણે સેંડકો એકર જંગલ બળીને ખાખ થઈ ગયું છે. હજુ પણ તેના પર નિયત્રંણની કોશિશ ચાલુ છે. બીજી તરફ ઈઝરાયલની નેશનલ ફાયર સર્વિસે તેના અગ્નિશામકોને સતર્ક રહેવા જણાવ્યું છે. ફાયર બ્રિગેડના સેંકડો જવાનો રાત્રે પણ આગ ઓલવવા માટે સતત કાર્યરત છે. સૌથી ખરાબ હાલત કિરયાત શમોના શહેરની છે. અહીં, એક લાઈનમાં કેટલાય ઘરો આગનું નિશાન છે. તેમને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# સંજય લીલા ભણસાલીએ હીરામંડી સીઝન ૨ની જાહેરાત કરી

સંજય લીલા ભણસાલીએ ફેન્સને ખુશખબર આપી છે. જો તમે તાજેતરમાં નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી વેબ સિરીઝ 'હીરામંડી' જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હોવ, તો હવે ખુશ થવાનો સમય છે. નિર્માતાઓએ 'હીરામંડી' સીઝન ૨ની જાહેરાત કરી છે. હીરામંડી સીઝન ૨ ની જાહેરાત માટે, કાર્ટર રોડ, મુંબઈ પર ૧૦૦ નર્તકોનું એક ફ્લેશ મોબનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આ ડાન્સર્સ અનારકલી સૂટ અને ઘુંઘરસ પહેરીને હીરામંડીના ગીતો પર પરફોર્મ કરી રહ્યાં છે. આ અદ્ભુત નજારો જોઈને લોકો ખૂબ જ ઉત્સાહિત છે. દરેક વ્યક્તિ આ દ્રશ્યને પોતાના કેમેરામાં કેદ કરવા માંગે છે. અદ્ભુત ડાન્સ જોઈને લોકો ધૂમ મચાવી રહ્યા છે. 'હીરામંડી'ની પ્રખ્યાત ગજગામિની પદયાત્રા પણ ફરીથી બનાવવામાં આવી હતી. આ શાનદાર એક્ટિંગને કુતિ મહેશે કોરિયોગ્રાફ કર્યું છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે- મહેફિલ ફરી ભેગી થશે, હીરામંડી સિઝન ૨ આવશે. જાહેરાતના વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે આઝાદીની લડાઈ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સમાપ્ત થઈ હતી. આ ગણિકાઓ માટે પણ એક નવું યુદ્ધ શરૂ થયું. માથું ઊંચું રાખીને નવી દુનિયામાં ટકી રહેવાની લડાઈ... આ બધું સિઝન ૨માં બતાવવામાં આવશે. સંજય લીલા ભણસાલીએ વેરાયટીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે સિરીઝ બનાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. ૨૦૨૨માં 'ગંગુબાઈ કાઠિયાવાડી' રિલીઝ થઈ ત્યારથી તે કોઈ વિરામ વિના કામ કરી રહ્યો છે. શ્રેણી બનાવવાની જવાબદારી ઘણી મોટી છે. સીઝન ૨ કન્ફર્મ કરતી વખતે તેણે કહ્યું- હીરામંડી ૨માં લાહોરની મહિલાઓએ ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો છે. ભાગલા પછી, મોટા ભાગના ગણિકાઓ લાહોર છોડીને મુંબઈ અને કોલકાતા ફિલ્મ ઉદ્યોગમાં સ્થાયી થયા. તેની સફર હજુ પણ એવી જ છે. તે નૃત્ય કરે છે અને ગાય છે. પરંતુ આ વખતે નવાબો માટે નહીં પણ નિર્માતાઓ માટે છે. અગાઉ ભણસાલીએ કહ્યું હતું કે 'હીરામંડી' જેવી સીરિઝ માત્ર એક જ વાર બને છે. કોઈ તેને ફરીથી બનાવી શકતું નથી, હું પણ નહીં. પરંતુ એવું લાગે છે કે લોકોનો પ્રતિસાદ જોઈને ભણસાલીએ પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે. 'હીરામંડી' ૧ મેના રોજ સ્ટ્રીમ કરવામાં આવી હતી, પરંતુ એક મહિના પછી પણ આ શો વિશે ભારે ચર્ચા છે. હીરામંડીમાં મનીષા કોઈરાલા, સોનાક્ષી સિંહા, શર્મિન સેહગલ, સંજીદા શેખ, રિચા ચઢ્ઢા, અદિતિ રાવ હૈદરી, શેખર સુમન, અધ્યાયન સુમન, તાહા શાહ, ઈન્દ્રેશ મલિક મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળ્યા હતા. તમામ પાત્રોના કામની પ્રશંસા કરવામાં આવી હતી પરંતુ શર્મિનને તેની નો-એક્સપ્રેસ એક્ટિંગ માટે ભારે ટ્રોલ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, શર્મિન સીઝન ૨ માં જોવા મળશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે.

# રાશિ ખન્નાનો બોલિવૂડ પ્રોજેક્ટ વિક્રાંત મેસ્સી સાથે ફિલ્મ કરશે

રાશિ ખન્ના માટે ૨૦૨૪ના વર્ષમાં બોલિવૂડ યાત્રા સફળ રહી છે. વર્ષની શરૂઆતમાં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'યોદ્ધા' રિલીઝ થઈ હતી. બોક્સઓફિસ પર ફિલ્મ ખાસ ચાલી ન હતી, પરંતુ રાશિ માટે બોલિવૂડના દરવાજા ખોલવામાં આ ફિલ્મ સફળ રહી છે. વિક્રાંત મેસ્સીની 'ધ સાબરમતી રિપોર્ટ'માં રાશિ ખન્નાનો સમાવેશ થયો હોવાનું કહેવાય છે. રાશિને પ્રથમ વખત બોલિવૂડમાં એક જ વર્ષમાં બે ફિલ્મ મળી છે. જેને જોતાં રાશિ પણ હવે રશ્મિકાની જેમ બોલિવૂડમાં પગ જમાવી રહી હોવાનું અનુમાન છે. કોરોના મહામારી બાદના સમયમા સાઉથ અને બોલિવૂડના સંબંધ ગાઢ બની રહ્યા છે. બોલિવૂડ એક્ટર્સ સાઉથની ફિલ્મ કરી રહ્યા છે અને સાઉથના સ્ટાર્સ બોલિવૂડમાં વિજય પતાકા ફરકાવી રહ્યા છે. સાઉથની જાણીતી એક્ટ્રેસ રાશિ ખન્નાએ ૨૦૨૪માં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'યોદ્ધા'માં લીડ રોલ કર્યો હતો. વિક્રાંત મેસ્સીની ચર્ચાસ્પદ ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'માં રાશિની પસંદગી થઈ હોવાનું મનાય છે. આ ફિલ્મની એનાઉન્સમેન્ટ ઘણાં સમય પહેલા થઈ હતી. વિક્રાંતે તેમાં ટીવી રિપોર્ટ્રનો રોલ કર્યો છે. ફિલ્મની બાકીની કાસ્ટિંગ અંગે ખુલાસો થયો હતો. આ ફિલ્મને બીજી ઓગસ્ટે રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે રાશિ ખન્નાના લીડ રોલની માહિતી બહાર આવી છે. '૧૨વીં ફેલ'ની સફળતા બાદ વિક્રાંત મેસ્સીની ડીમાન્ડ વધી ગઈ છે. ઓડિયન્સ તથા ફિલ્મમેકર્સ વિક્રાંત મેસ્સી પર વિશ્વાસ કરી રહ્યા છે. ૨૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે રૂ.૬૦ કરોડની આવક કરી હતી અને ઓટીટી પર પણ ખૂબ જોવાઈ હતી. નવી પેઢીના બોલિવૂડ સ્ટાર્સમાં સારા એક્ટર તરીકે જાણીતા વિક્રાંત સાથે 'ધ સાબરમતી રિપોર્ટ' ઉપરાંત રાશિ પાસે અન્ય એક હિન્દી ફિલ્મ પણ છે. આ ફિલ્મના ટાઈટલ અને કો સ્ટાર્સ અંગે જાણકારી જાહેર થઈ નથી.

# ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં ભલામણ મુજબ જ રોગ અને જીવાત માટે દવાનો ઉપયોગ કરવો

ગાંધીનગર, કૃષિ ઉત્પાદનોમાં જંતુનાશકોના અવશેષો નિવારવા માટેના પગલા અંગે ખેડૂત સમુદાયને માહિતગાર કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી ગાંધીનગર દ્વારા કેટલાક જરૂરી પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જંતુનાશકોના અવશેષો નિવારવાના પગલાં અનુસંધાને એવા જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતિકરણની પ્રક્રિયામાંથી શરીરમાં જમા થાય છે તેના ઉપયોગ પર સરકાર તરફથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય અથવા તેને નિયંત્રિત વપરાશ હેઠળ મુકવામાં આવ્યા હોય, આવા જંતુનાશકોનો વપરાશ બિલકુલ કરવો જોઈએ નહી. પાકસંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા દ્વારા જે તે પાક ઉપર જે તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પ્રાયોગિક પરિણામો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ ભલામણ કરેલ માત્રાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતા છંટકાવથી જીવાતમાં પ્રતિકારકતા કેળવાતી હોય ખેડૂતોને વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની ફરજ પડે છે. જે આર્થિક રીતે નુકસાનકારક છે સાથે સાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે.

ઉપરાંત ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં યુનિવર્સિટીની ભલામણ મુજબજ જે તે પાકોના જે તે રોગ જીવાત માટે જે દવાની ભલામણ કરેલ છે તેનો જ ઉપયોગ કરવો તથા સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા તથા શાકભાજીની ઉપયોગમાં લેતા પહેલા સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ કારણ કે, શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળી સપાટી વાળા શાકભાજીમાં વધુ હોય છે. જ્યારે શોષક એટલે કે સિસ્ટમેટિક પ્રકારની જંતુનાશકો કરતા સ્પર્શક એટલે કે કોન્ટેક્ટ જંતુનાશકોમાં અવુશેષો વધુ હોય છે.

શાકભાજી ફળફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન-હ્લર્ઈ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન-ઉૐ દ્વારા નક્કી કરવામાં આવે છે કે અવશેષોની માત્રા એમ.આર.એલ કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો નક્કી કરવામાં આવે છે જેને વેઈટિંગ પિરિયડ કહે છે. આ વેઈટિંગ પિરિયડ પહેલાં ખેત પેદાશો ઉતારવા કે વીણી કરવી નહી. શક્ય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણ જેવા કે એમામેકિટન, બેન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણ નો ઉપયોગ કરવો. આ સિવાય સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્ન હળવા કરી શકાય છે. જેમ કે ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી જમીન તપવાથી કોશેટા જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે.જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિ યુક્ત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી, પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ, ફળ માખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજર પાક, કીટક બક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી -ખાડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે. જેનાથી કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે. જો જંતુનાશકનો છંટકાવ કરવાનો આવે તો જે તે પાક પર યોગ્ય જંતુનાશક નો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્ર ઓળંગ્યા બાદ જ કરવો.

ઘરમાં મચ્છર, માંખી, વંદા, ઉધઈ, ઉંદર વગેરેના નિયંત્રણ માટે જંતુનાશકો વાપરતી વખતે યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જંતુનાશકો અનાજ પાણી લોટ વગેરેમાં ભળી જાય છે અને તેના અવશેષો આપણા શરીરમાં પ્રવેશે છે. ઘરગથ્થુ જીવાતોનું નિયંત્રણ કરતી વખતે જંતુનાશકો છાંટ્યા પહેલા પાણીના વાસણો, અનાજના પીપ, અનાજની ગુણ વગેરે કાપડ અથવા પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જોઈએ. મકાનમાં ઉધઈ નિયંત્રણ માટે કલોરપાયરીફોસનો ઉપયોગ થાય છે પરંતુ આનું વિઘટન જલ્દીથી થતું નથી હાલમાં નિયનીકોટીનોઈડ જૂથની ઈમીડાકલોપ્રીડ કીટક નાટક ઉધઈ નિયંત્રણ માટે અસરકારક અને દુર્ગંધ વગરની છે. અને અવશેષોના પ્રશ્નો ઓછા આવે છે. આજ રીતે જો અનાજમાં ભેજ વધુ હોય તો સૂર્યપ્રકાશમાં અનાજ સુકવ્યા પછી જ તેના સંગ્રહ માટે હવા ચુસ્ત પીપ નો ઉપયોગ કરવો કે જેથી કીટકો તેમાં પ્રવેશી શકે નહી. આ ઉપરાંત ઘઉં જેવા અનાજની દિવેલનો પટ આપીને સંગ્રહ કરવામાં આવે તો કીટકોનો ઉપદ્રવ ઓછો કરી શકાય છે. આજ રીતે બાજરી જેવા અનાજમાં રાખ અથવા લીમડાના પાન ભેળવવામાં આવે છે. આ બધી કાળજી રાખવા છતાં જો કીટકો પડે તો ધૂમકર નો ઉપયોગ કરવાથી તેના અવશેષો અનાજમાં આવશે નહી. આ ઉપરાંત શાકભાજીના પાકોમાં વીણી કર્યા પછી જંતુનાશક નો છંટકાવ કરવો તથા ફળ પાકતી અવસ્થાને જંતુનાશકોનો વપરાશ ટાળવાથી ઉપભોક્તા માટે જંતુનાશકના અવશેષોના પ્રશ્નો નિવારી શકાય છે.

એકના એક જંતુનાશકોનો વારંવાર ઉપયોગ ન કરતા જુદા જુદા જંતુનાશકનો ઉપયોગ કરવો તથા એક જ જૂથના જંતુનાશકોનો ત્રણથી વધારે વાર છંટકાવ કરવો નહીં. આમ કરવાથી જીવાતો માં જે તે જંતુનાશકો સામે પ્રતિકારક શક્તિ પેદા થશે નહીં. તેના કારણે જંતુનાશકોનું પ્રમાણ વધારવાની જરૂર નહીં પડે અને અવશેષોના પ્રશ્ન ઘટશે. આ તમામ સૂચનો સાથે દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે આપવામાં આવેલ દોષ અને જે તે રોગ જીવાત માટેની દવાઓ છે તે ભલામણ મુજબ અનુસરવા પણ જણાવવામાં આવે છે.

# રાજ્ય સરકારે પરમિશન મેળવેલા ગેમ ઝોન પણ બંધ કર્યા હતા

અમદાવાદ, રાજકોટ TRP ગેમ ઝોનમાં આગની દુર્ઘટનામાં ૨૭ લોકોના મૃત્યુ બાદ તમામ સ્થાનિક ઓથોરિટીઓ દ્વારા પોતાના વિસ્તારમાં ચાલતા મેળાઓ અને રાઈડસ બંધ કરાવી દેવામાં આવી છે. જે લોકો પાસે પૂરતી પરમિશન નથી તે સમજ્યા પણ ઘોડા છુટ્યા બાદ તબેલે તાળા મારવા જેવી કાર્યવાહી ઓથોરિટી દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર મેળોનાખનાર સંચાલક ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા છે. જેમનું કહેવું છે કે તેમની પાસે જરુરી તમામ પરમિશન હોવા છત્તા ઓથોરિટીએ મૌખિક સૂચના આપીને તેમનો મેળો બંધ કરાવી દીધો છે. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતા આજે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. જે મુદ્દે હવે ૧૦જૂને વધુ સુનાવણી હાથ ધરાશે. અરજદારે જણાવ્યું હતું કે, આ સમય દરમિયાન તેને ૫૦ લાખનું નુકશાન થશે. જેને લઈને કોર્ટમાં ગરમાગરમી સર્જાઈ હતી. અરજદારે અગાઉ જણાવ્યું હતું કે, મંજૂરી મેળવતા તેમને ૬૬ દિવસ લાગ્યા હતા. જેમાં ઈલેટ્રિક, ફાયર દ્વંઝ, રાઈડ ફિટનેસ સર્ટિફિકેટ, રોડ અને બિલ્ડિંગ વિભાગનું ક્લિયરન્સ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેઓએ ૧૬ મે ના રોજ મેળો શરૂ કર્યો હતો અને ૨૫ મે ના રોજ રાજકોટમાં ઈ ગેમ ઝોનની દુર્ઘટના બનતા તેમનો મેળો પણ ઓથોરિટીએ બંધ કરાવી દીધો છે. આ મેળો નાખવા તેમને ૧.૬૪ કરોડનું રોકાણ કર્યું છે. જમીનનું ભાડું, રાઈડ્સનું ભાડું, આશરે ૧૩૫ લોકોનો પગાર, લાઈટબીલ વગેરે જોઈએ તો રોજનો ૯ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. આ મેળાની મંજુરી ૨૩ જૂન સુધીની છે. આ અંગે સરકારને રજૂઆત કરી હોવા છત્તા કોઈ પ્રત્યુતર આવ્યો નથી. આથી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવી પડી છે.ગુજરાત મેળા એસોશિયેશનના પ્રમુખ કૃણાલ ભટ્ટે જણાવ્યું હતું કે, રાજ્યમાં રાજકોટની ઘટના બાદ તમામ મેળાઓ સરકારી ઓથોરિટીએ બંધ કરાવી દીધા છે. તમામ પરમિશન ધરાવતા ૪૦ મેળાઓ રાજ્યમાં ચાલતા હતા. જ્યારે ૧૫ મેળાઓની પરમિશન મેળવવાની પ્રોસેસ કરીને ચાલુ થવાના હતા. ૨૫ હજાર જેટલા પરિવારોની રોજગારી મેળા સાથે જોડાયેલી છે. સરકાર ઈચ્છે તો ફરીથી આ મેળાઓની ચકાસણી કરીને તેમને મંજૂરી આપી શકે છે. અરજદારના વકીલ બી.એમ. માંગુકિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ ગેમ ઝોનમાં ફાયરની દુર્ઘટના બાદ ઓથોરિટીએ કાયદેસરનામેળાઓ પણ બંધ કરાવી દીધા છે. સરકાર જવાબદારી લેવા માંગતી નથી. આ મેળા સંચાલકોને રોજનું લાખો રૂપિયા નુકશાન જઈ રહ્યું છે. ઓથોરિટી જવાબ આપતી નથી. જે લોકો ખોટું કરતા નથી, તેમને કામ કરતા રોકી શકાય નહીં.

# ૪૦ વર્ષ બાદ કોંગ્રેસનો દુષ્કાળ સમાપ્ત થયો છે

લોકસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ ગયા છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ ફરી એકવાર સરકાર બનાવવા જઈ રહી છે. પરંતુ ચૂંટણી વચ્ચે ઉત્તર પ્રદેશની અલ્હાબાદ સીટ ફરી એકવાર સમાચારોમાં છે. અલ્હાબાદ સીટ પરથી અમિતાભ બચ્ચનની જીતના લગભગ ૪૦ વર્ષ બાદ કોંગ્રેસ ફરી એકવાર આ સીટ પર જીત મેળવી છે. અલ્હાબાદ સીટ પરથી જીત્યા બાદ કોંગ્રેસના ઉમેદવાર ઉજ્જવલ રમણ સિંહે આ સીટ પર પાટીનો ૪૦ વર્ષનો દુષ્કાળ ખતમ કરી દીધો છે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ઉજ્જવલ રમણ સિંહે તેમના નજીકના હરીફ ભાજપના નીરજ ત્રિપાઠીને ૫૮,૭૯૫ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સિંહને ૪.૬૨ લાખથી વધુ વોટ મળ્યા જ્યારે ત્રિપાઠીને ૪.૦૩ લાખથી વધુ વોટ મળ્યા. અલ્હાબાદના કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાબા અભય અવસ્થીએ કહ્યું કે અમિતાભ બચ્ચન બાદ કોંગ્રેસે ૪૦ વર્ષ બાદ આ બેઠક પરથી ચૂંટણી જીત નોંધાવી છે. અમિતાભ બચ્ચન ૧૯૮૪માં કોંગ્રેસની ટિકિટ પર આ સીટ પરથી જીત્યા હતા.તેમણે કહ્યું કે ૧૯૮૪ પહેલા પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી ૧૯૫૭ અને ૧૯૬૨માં અલ્હાબાદ સીટ પરથી જીત્યા હતા. ૧૯૬૬માં શાસ્ત્રીના અવસાન બાદ તેમના પુત્ર હરિકિશન શાસ્ત્રીએ ૧૯૬૭માં આ જ બેઠક પરથી ચૂંટણી જીતી હતી.૧૯૮૪ પછી અનિલ શાસ્ત્રી, કમલા બહુગુણા, સત્યપ્રકાશ માલવિયા જેવા ઘણા મોટા નેતાઓ આ બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા પરંતુ જીતી શક્યા ન હતા.

# હૈદરાબાદ હવે માત્ર તેલંગાણાની રાજધાની રહેશે

નવી દિલ્હી, હૈદરાબાદ, તેલંગાણા અને આંધ્રપ્રદેશની સામાન્ય રાજધાની હવે રહી નથી. ૨ જૂનથી હૈદરાબાદ માત્ર તેલંગાણાની રાજધાની બની ગયું છે. ૨૦૧૪ માં અવિભાજિત આંધ્ર પ્રદેશના વિભાજન સમયે, હૈદરાબાદને ૧૦ વર્ષ માટે બંને રાજ્યોની રાજધાની બનાવવામાં આવી હતી.તેલંગાણા ૨ જૂન ૨૦૧૪ના રોજ અસ્તિત્વમાં આવ્યું. આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમમાં જણાવવામાં આવ્યું છે કે, "૨જી જૂનના દિવસથી, હાલના આંધ્ર પ્રદેશ રાજ્યમાં હૈદરાબાદ એ દસ વર્ષથી વધુ સમયગાળા માટે તેલંગાણા અને આંધ્ર પ્રદેશ રાજ્યની સામાન્ય રાજધાની રહેશે."પુનર્ગઠન અધિનિયમે કહ્યું, "પેટા-કલમ (૧) માં સમયગાળો (નિર્ધારિત) સમાપ્ત થયા પછી, હૈદરાબાદ તેલંગાણા રાજ્યની રાજધાની રહેશે અને આંધ્ર પ્રદેશ રાજ્ય માટે નવી રાજધાની હશે."દાયકાઓ જૂની માંગના પરિણામે ફેબ્રુઆરી ૨૦૧૪માં સંસદમાં આંધ્ર પ્રદેશ પુનર્ગઠન બિલ પસાર થયા બાદ ૨ જૂન ૨૦૧૪ના રોજ તેલંગાણાની રચના કરવામાં આવી હતી.તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ ગયા મહિને અધિકારીઓને હૈદરાબાદમાં લેક વ્યૂ સરકારી ગેસ્ટ હાઉસ જેવી ઈમારતો કબજે કરવા કહ્યું હતું, જે ૨ જૂન પછી આંધ્ર પ્રદેશને ૧૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવી હતી.

ICICI Home Finance | કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ :૪થો માળ, ઓફિસ નં. ૪૩૬- ૪૪૩ એમરલ્ડ વન, વિનવાર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૨૦

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ

**સ્થાવર મિલકતની વેચાણ નોટીસ**

**સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝએશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ ની નોટીસ**

આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો **ભૌતિક કબ્જો** સિક્યોર્ડ ક્રેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે, "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ/ | કઈ પણ બોઝો જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત | બકાયા રકમ | આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ | મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) | (જી) |
| ૧. | જ્ઞાનચંદ જંગબહાદુર રાજભર ( કરજદાર) લલિતા દેવી ( સહ- કરજદાર) લોન એકાઉન્ટ નં. LHBRD00001359265 & LHBRD00001359229 | પેંટહાઉસ નં. ઈ/૩૦૮ ૩જો માળ, ટૉવર ઈ કેસા રેસીડેન્સી તરીકે ઓળખાય , આરએસ નં. ૭૪૬/૧ પૈકી, બાપ્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર પાસે , સુસેન તરસાલી રીંગ રોડ , વડસર, વડોદરા- ૩૯૧૪૧૦ | રૂ. ૩૭,૮૯,૭૨૫/- ૦૪ જૂન, ૨૦૨૪. | રૂ. ૧૦,૫૦,૯૭૫/- / રૂ. ૧,૦૫,૦૯૮/- | ૧૮ જૂન, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી. | ૨૬ જૂન, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦ કલાક સુધી. |

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL Link - -https://BestAuctionDeal.com) પર અમારી ઑક્શન એજેન્સી ગ્લોબ ટેક દ્વારા હાથ ધરવામાં આવશે. ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી **૨૫ જૂન, ૨૦૨૪**પહેલાં સાંજે **૫:૦૦** વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .

સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ (કોલમ ઈ માં )આપેલ રકમ સબમિટ કરવું પડશે જે **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ૪થો માળ, ઓફિસ નં. ૪૩૬- ૪૪૩ એમરલ્ડ વન, વિનવાર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૨૦** ખાતે અથવા **૨૫ જૂન, ૨૦૨૪ ના રોજ સાંજે** ૦૪:૦૦ વાગ્યા **તે** પહેલા. સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ,૪થો માળ, ઓફિસ નં. ૪૩૬- ૪૪૩ એમરલ્ડ વન, વિનવાર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૨૦ખાતે ૨૫ જૂને, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક તે** પહેલા પર સબમિટ કરી શકાય છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ ઑક્શન** તરફેણના **વડોદરા**ખાતે નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાપ્ટની સાથે આપવો.

કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક **આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડના નંબર ૯૯૨૦૮૦૭૩૦૦** અથવા સેલ્સ એન્ડ માર્કેટિંગ પાર્ટનર **નેક્સઝેન સૉલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ** પર સંપર્ક કરવો.

સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઈટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

તારીખ: ૦૮ જૂન, ૨૦૨૪
સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

SHEKHAWATI
Peaking growth. Scaling success.

**૩૩મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટીંગ માહિતી અને બુક કલોઝરની સૂચના**

આથી સુચના આપવામાં આવે છે કે શેખાવતી પોલી યાર્ન લિમીટેડ (કંપની) ના સભ્યોની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) મંગળવાર ૨ જુલાઈ ૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૩૦ (આઈએસટી) વિડીઓ કોન્ફરન્સ દ્વારા યોજવાની છે (વીસી) / અન્ય ઓડીયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) માત્ર ઈ-વોટીંગ સુવિધા દ્વારા એજીએમની સુચનામાં નિર્ધારીત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે.

કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧, ૧૯/૨૦૨૧ અને ૨૧/૨૦૨૧ સાથે વાંચેલ કંપની એકટ, ૨૦૧૩ ની જોગવાઈઓનું પાલન કરીને એજીએમ ફકત વીસી / ઓએવીએમ દ્વારા અનુક્રમે તા. ૦૮.૦૪.૨૦૨૦, ૧૩.૦૪.૨૦૨૦, ૦૫.૦૫.૨૦૨૦, ૩૧.૦૧.૨૦૨૧, ૦૮.૧૨.૨૦૨૧ અને ૧૪.૧૨.૨૦૨૧ અને ૨૮.૧૨.૨૦૨૦ અનુક્રમે યોજવામાં આવશે અને સામાન્ય પરીપત્ર નં. ૦૨/૨૦૨૨, તા. ૦૫.૦૫.૨૦૨૦ ના રોજ યોજવામાં આવશે. સિકયુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા પરીપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79, તા. ૧૨.૦૫.૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11, તા. ૧૫.૦૧.૨૦૨૧ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62, તા. ૧૩.૦૫.૨૦૨૨ અને SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/167, તા. ૦૭.૧૦.૨૦૨૩ (સામુહિક રીતે સંબંધિત પરિપત્રો તરીકે ઓળખાય છે) એજીએમ માટે પ્રોકસીની નિમણુક માટેની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. એજીએમમાં ઈલેકટ્રોનિક રીતે જોડાવા માટેની સુચનાઓ ૩૩મી એજીએમ ની સુચનામાં આપવામાં આવી છે.

વાર્ષિક અહેવાલ ૨૦૨૩-૨૪ સાથે ૩૩ એજીએમની સુચના ફકત તે સભ્યોને ઈલેકટ્રોનિક મોડ દ્વારા મોકવામાં આવી રહી છે જેમના ઈમેલ સરનામાં કંપની અથવા એનએસડીએલ (ડીપોઝીટરી) સાથે નોધાયેલા છે અને તે કંપનીની વેબસાઈટ https://www.shekhawatiyarn.com પર ઉપલબ્ધ છે અને બીએસઈ લિમીટેડ ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડ www.nseindia.com પર ઉપલબ્ધ છે.

ફિઝીકલ મોડમાં શેર (શેર) ધરાવનાર કોઈપણ સભ્ય નોટીસમાં આપેલી સુચનાઓને અનુસરીને તેમના ઈમેલ આઈડીનું નોંધણી કરી શકે છે અને ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા કોઈપણ સભ્ય તેમના સંબધીત ડીપોઝીટરી સહભાગીઓ ડીપીએસ સાથે ઈમેલ સરનામું નોંધણી / અપડેટ કરી શકે છે.

કંપનીએ ઈ-એજીએમ નું આયોજન કરવા અને ઈ-વોટીંગ ની સુવિધા પૂરી પાડવા માટે અધિકૃત એજન્સી તરીકે NSDL ની સેવાઓને રોકી છે. સભ્યો સવારે ૧૦.૦૦ વાગ્યા થી પોતાનો મત આપી શકશે (આઈએસટી) શનિવાર, તા. ૨૯.૦૬.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા થી સોમવાર, તા. ૦૧.૦૭.૨૦૨૪ ના રોજ રીમોટ ઈ-વોટીંગ અવધિના અંતે સુવિધા અક્ષમ કરવામાં આવશે. એજીએમ દરમિયાન જે સભ્યો એજીએમમાં હાજરી આપે છે અને જેમણે પોતાનો મત આપ્યો નથી તેમને પણ ઈ-વોટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ એજીએમ પહેલા રીમોટ ઈ-વોટીંગ દ્વારા તેમના મત આપ્યો છે તેઓ પણ વીસી/ઓએવીએમ દ્વારા એજીએમ માં હાજરી આપી શકે છે / ભાગ લઈ શકે છે પરંતુ તેઓ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર નથી. ફકત તે જ સભ્યો, જેમના નામ સભ્યોના રજીસ્ટરમાં અથવા લાભદાયી માલિકોના રજીસ્ટરમાં (ઈલેકટ્રોનિક શેરહોલ્ડીંગના કિસ્સામાં) કટ ઓફ તારીખ એટલે કે મંગળવાર, તા. ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ જાળવવામાં આવે છે. રીમોટ ઈ-વોટીંગની સુવિધા મેળવવા માટે હકદાર છે.

જે સભ્યો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે અથવા જેમણે કંપની / ડીપોઝીટરીઝમાં તેમનું ઈમેલ સરનામું રજીસ્ટર કરાવ્યું નથી અથવા કંપની દ્વારા ઈલેકટ્રોનિક રીતે નોટીસ મોકલ્યા પછી કંપનીના શેર મેળવનાર અને કંપનીના સભ્ય બનેલા કોઈપણ વ્યકિત અને કટ ઓફ તારીખ એટલે કે મંગળવાર, તા. ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ શેર ધરાવે છે. ફોલિયો નંબર / ડીપી આઈડી અને કલાઈન્ટ આઈડી પ્રદાન કરીને evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

આથી વધુ સુચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબીના નિયમન ૪૨ (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અનુસાર સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બુધવાર, તા. ૨૬.૦૬.૨૦૨૪ થી મંગળવાર, તા. ૦૨.૦૭.૨૦૨૪ સુધી બંધ રહેશે. (બંને દિવસો સહીત).

ઈ-વોટીંગને લગતા પ્રશ્નો / ફરીયાદ, જો કોઈ હોય તો, કંપની સેક્રેટરી ઈમેલ દ્વારા compliance@shekhawatiyarn.com પર સંબોધવામાં આવી શકે છે અથવા કોલ : ૦૨૨ ૬૬૯૪૦૬૨૬ / ૦૨૨ ૬૨૩૬૦૮૦૦ અથવા કૃપા કરીને એનએસડીએલ પર ઉપલબ્ધ હેલ્પ અને FAQS વિભાગની વેબસાઈટ : www.evoting.nsdl.com મુલાકાત લઈ શકો છો.

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૦૭.૦૬.૨૦૨૪**
**રજીસ્ટર્ડ ઓફિસ : CIN: L17120DN1990PLC000440**
**સર્વે નં. ૧૮૫/૧, નરોલી ગામ, કનાડી ફાટકની પાસે, સિલ્વાસા, દાદરા અને નગર હવેલી (યુ.ટી.) - ૩૯૬૨૩૫.**
**વેબસાઈટ : www.shekhawatiyarn.com**

**શેખાવતી પોલી-યાર્ન લિમીટેડ વતી,**
**સહી/-,**
**મીના એ.અગલ**
**કંપની સેક્રેટરી અને કોમ્પ્લીએનશ ઓફિસર**

**પ્રતિકાત્મક કબ્જા નોટીસ**

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીડ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદારોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી દેવાદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર | મિલકતોની વિગતો / પ્રતિકાત્મક કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | સતિશ દિનેશભાઈ મનસુરા અને રન્ના સતિશભાઈ મનસુરા LBRAJ00004961669 & LBRAJ00004961668 | ફ્લેટ નં.૨૦૨, બીજો માળ, ગોલ્ડન નેસ્ટ-એ, આરએમસી ઓફિસ સામે, આર.એસ.નં.૧૮૯ પૈકી, ટી.પી.એસ.નં.૭, ઓ.પી.નં.૧૧, એફ.પી.નં.૨૦, પી.નં.૯ પૈકી, પુજીત રૂપાની ટ્રસ્ટ સામે, ભાવનગર રોડ, રાજકોટ- ૩૬૦૦૦૧ / જુન ૦૩, ૨૦૨૪ | ફેબ્રુઆરી ૦૬, ૨૦૨૪ રૂ. ૧૬,૮૩,૬૪૦.૯૫/- | રાજકોટ |
| ૨ | સતિશ દિનેશભાઈ મનસુરા અને રન્ના મનસુરા અને સરલાબેન દિનેશભાઈ મનસુરા LBRAJ00005193838 | ફ્લેટ નં.૩૦૪, ત્રીજો માળ, સત્યમ એપાર્ટમેન્ટ, જય શક્તિ પાર્ક, મામા સાહેબ મંદિર પાસે, ડી-માર્ટ મોલ પાછળ, ક્રિષ્ટલ કોમ્પલેક્ષની બાજુમાં, આર.એસ.નં.૯૬ પૈકી-૨, પ્લોટ નં.૨ અને ૩, ટી.પી.એસ.નં.૧૨, એફ.પી.નં.૪૨, ૪૩, સી.એસ.વોર્ડ નં.૧૩/૨, સી.એસ.નં.૩૦૭૮ પૈકી, ઓફ કુવાડવા રોડ, ૫૦ ફીટ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧ / જુન ૦૩, ૨૦૨૪ | ફેબ્રુઆરી ૨૯, ૨૦૨૪ રૂ. ૧૦,૪૭,૮૫૯.૧૭/- | રાજકોટ |
| ૩ | કલ્પેશ જિજારામ મોરે અને ડિમ્પલ કલ્પેશ મોરે LBSUR00005848880 LBSUR00005909159 | ફ્લેટ નં.ડી-૪૧૦, ચોથો માળ, બિલ્ડિંગ નં.-ડી, માઉન્ટ એવેન્યુ, શિવમ રો-હાઉસ પાસે, આર.એસ.નં. ૨૨૭/૧,૨૩૨, બ્લોક નં.૨૩૯,૨૪૦, ટી.પી.એસ.નં.૧૦, એફ.પી.નં.૧૧૮,૧૧૯, પાલ, સુરત-૩૯૫૦૦૯/ જુન ૦૪, ૨૦૨૪ | ફેબ્રુઆરી ૧૩, ૨૦૨૪ રૂ. ૫,૭૦,૩૮૬.૦૦/- | સુરત |
| ૪ | દીપા દિનેશ જટયાની અને દિનેશ જટયાની LBSUR00005080704 | ફ્લેટ નં.બી/૯૦૨, નવમો માળ, બિલ્ડિંગ નં.બી, પ્રથમ ગણેશા, પ્રથમ સર્કલ પાસે, રિજેન્ટ રેસિડેન્સી સામે, આર.એસ.નં.૩૩૪, બ્લોક નં.૩૧૨, ટી.પી.એસ.નં.૧૪, એફ.પી.નં.૪૦, ટ્રિનિટી બિઝનેસ પાર્ક પાસે, ગ્રિન સિટી રોડ, અડાજણ, પાલ, સુરત-૩૯૫૦૦૯ / જુન ૦૪, ૨૦૨૪ | ફેબ્રુઆરી ૦૬, ૨૦૨૪ રૂ. ૮૪,૧૧,૩૫૬.૦૦/- | સુરત |
| ૫ | અક્ષય મિલનકુમાર શાહ અને મિલન રમણિકલાલ શાહ અને રેશ્મા મિલનકુમાર શાહ LBNAV00005149795 LBNAV00005149794 LBNAV00005363614 | ફ્લેટ નં.૬૦૪, છઠ્ઠો માળ, રચના એપાર્ટમેન્ટ-૩ કો-ઓપ.હા.સો.લિ., આર.એસ.નં.૬૩૯ પૈકી, ટિક્કા નં.૪૯, સી.ટી.એસ.નં.૧૯૭૮/૩, ટી.પી.એસ.નં.૧, એફ.પી.નં.૨૭૬, સ્ટેશન રોડ, સંદકુવા દરવાજા, નવસારી-૩૯૬૪૪૫ / જુન ૦૫, ૨૦૨૪ | ફેબ્રુઆરી ૦૭, ૨૦૨૪ રૂ. ૧૭,૦૭,૧૭૬.૦૦/- | નવસારી |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : જુન ૦૭, ૨૦૨૪
સ્થળ : ગુજરાત

નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે